# સિવિલમાં ગંદકીથી ખદબદતા ધાબા મચ્છરોનું ઉદભવ સ્થાન બન્યા..!





ગાંધીનગર, તા.૧૭

વરસાદની સિઝન પહેલા સિવિલ તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ આ વર્ષે મેડીકલ કોલેજ સહિત ઈન્ડોર બિલ્ડીંગના ધાબા પર ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ધાબા પર ઠેરઠેર પાણી ભરાઈ રહેતા લીલનું સામ્રાજય સર્જાયું છે. ત્યારે બિમાર વ્યકિતની સારવાર કરતી હોસ્પિટલ તંત્ર ખુદ બિમારીમાં સપડાય તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ધાબા પરની ગંદકીને પગલે સિવિલ કેમ્પસમાં વાહકજન્ય રોગચાળો ફાટી નીકળે તો નવાઈ નહી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ધાબા મચ્છરોનું ઉદભવ સ્થાન બન્યા હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસના ધાબા ગંદકી થી ખદબદે છે. ધાબા પર મોટાભાગની પાણીની ટાંકીઓ પર ઢાંકણ જ નથી. જયારે ધાબા પર રહેલી સોલાર પેનલ પણ ભંગાર હાલતમાં જોવા મળી રહી છે. પાણી ભરાઈ રહેતા ધાબા પર લીલનું મોટા પ્રમાણમાં જોવા મળે છે. ત્યારે સિવિલમાં કેમ્પસમાં ડોકટર્સ, તબિબિ વિદ્યાર્થીઓ, સહિત સ્ટાફના કર્મચારીઓના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે સિવિલ કેમ્પસમાં પ્રિ-મોન્સુન કામગીરી ન થઈ હોવાને પગલે આ સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે હાલના સમયે તો બિમાર દર્દીઓની સારવાર કરતી હોસ્પિટલ જ બિમારીના ખાટલે પડે તેમ લાગી રહ્યું છે.

# વરસાદ ખેંચાતા ખેતીને ભારે નુકશાનનો ભય

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગત વર્ષની તુલનામાં ૩૦ ટકાથી પણ વધુ વરસાદની ઘટ છે અને છેલ્લા ૧૨ દિવસથી વરસાદ થયો નથી.

જિલ્લામાં ૯૩ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયુ છે. પિયત માટે સિંચાઈની સુવિધા નહિવત છે એટલે ખેડૂતોને આકાશી ખેતી પર જ આધાર રાખવો પડી રહ્યો છે. પિયત માટે ભૂગર્ભ જળ ઊંડા ગયા હોવાથી વધારે હોર્સ પાવરની મોટરથી પિયત આપવુ પડે છે જે મોંઘુ પુરવાર થઈ રહ્યુ છે.

જિલ્લામાં કઠોળ, દિવેલા તેમજ અન્ય પાકોમાં ભારે નુકશાનીની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતો કપાસ, મગફળી અને શાકભાજીના પાકોને બચાવવા માટે હાલ પિયતની હિમાયત કરી રહ્યા છે. મગફળીનું મોઘું બિયારણ ખરીદી ખેડૂતોએ વાવેતર કર્યુ હતુ. જિલ્લામાં આ વખતે મગફળીનું વિક્રમી વાવેતર થયુ હતુ.

સુકારો અને અન્ય રોગોએ પણ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. જિલ્લામાં વરસાદની ઘટ ૨૦૧૮ની સ્થિતિ તરફ આગળ વધી રહી હોવાનું ખેડૂતોનું કહેવુ છે.

જિલ્લામાં ખેતીને બચાવવા પિયત માટે ખેડૂતો ભારે દોડધામ કરી રહ્યા છે. બીજી તરફ શ્રમિકોની અછત પણ ખેડૂતોને સચાવી રહી છે.



## ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલને સારી કામગીરી બદલ પ્રશસ્તિપત્ર એનાયત

ગાંધીનગર જિલ્લાના એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ઈસનપુર મોટાને દહેગામ ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના ૭૫મા સ્વતંત્રતા દિન નિમિત્તે કોવિડ-૧૯ની મહામારી અંતર્ગત પ્રશંસનીય અને ઉત્કૃષ્ટ કામગીરી ઉપરાંત આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં સારૂ પ્રર્ફોમન્સ માટેની સિદ્ધિ બદલ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના મંત્રી રમેશભાઈ બી. પટેલને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરતાં ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

## સે-૨૨ માં રીંગ રોડના વાઈડનીંગમાં વર્ષો જુના ઘટાદાર આંબાની કટોતીથી રોષ



ગાંધીનગર તા ૧૭

શહેરમાં મુખ્ય માર્ગો પર અન્ડર પાસ બનાવાની સાથે સેકટરોના રીંગરોડને પણ પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોના એપ્રોચ માર્ગો ઉપરાંત રીંગ રોડ પર માર્ગ સલામતીને અનુલક્ષીને માર્ગને ફોરટ્રેક કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ આ કામગીરી દરમિયાન પણ હરિયાળા વૃક્ષોની કટોતી થતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. અગાઉ સે-૨૨ માં રીંગરોડની કામગીરી દરમિયાન ૪૭ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી જયારે આજે વધુ એક ઘટાદાર વૃક્ષનો ખાતમો થતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. સેકટરમાં વર્ષો જુના આંબાના વૃક્ષને પણ કાપી નાંખવામાં આવ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તયો હતો. ઘટાદાર આંબાના વૃક્ષનો ભોગ લેવાતા પ્રકૃતિ પ્રેમીઓ આગામી દિવસોમાં સેકટરોમાં અન્ય વૃક્ષોની કટોતી ન થાય તે માટે પણ લડાયક મુડમાં જોવા મળી રહ્યા છે.

## સેકટર-૩ ન્યૂ ખાતે મહાકાલેશ્વર દાદાની મહાઆરતી

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૩ ન્યૂ ખાતે આવે શિવશકિત મંદિરમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શિવાલયને ફૂલોની રોશનીથી શણગારવામાં આવ્યું હતું અને સાંજે મહાકાલેશ્વર દાદાની મહાઆરતીનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં સેકટરના ભાવિભકતોએ હાજર રહી પૂજા અર્ચન કરી આરતીનો લાભ લીધો હતો.

# શાળાઓનુ શૈક્ષણિક કેલેન્ડર જાહેર ૩૬૫માંથી ૮૦ દિવસ રજા રહેશે

### ૨૧ દિવસના દિવાળી અને ૩૫ દિવસના ઉનાળુ વેકેશન સહીત ૮૦ રજા : ૨૪૫ દિવસ શૈક્ષણિક કાર્ય હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૭

કોરોનાની બીજી લહેરના અંતે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરી દેવાયુ છે જો કે હજુ ઓનલાઈન શિક્ષણ કાર્યરત હોવાથી ઓફલાઈન શિક્ષણમાં માંડ ૩૦ થી ૪૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નવા શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરી દેવાયુ છે જે મુજબ વર્ષ દરમિયાન ૩૬૫ દિવસમાંથી ૨૪૫ દિવસ શૈક્ષણિક કાર્ય હાથ ધરાશે. જયારે દિવાળી અને ઉનાળુ વેકેશન સહીત ૮૦ દિવસની રજા રહેશે.

કોરોનાની બીજી લહેરના અંતે ગત તા ૭ જુનથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. જયારે કોરોનાના કેસમાં સતત ઘટાડો થતા રાહત સાથે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પણ શરૂ કરી દેવાયુ છે. ત્યારે હવે શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યુ છે.જેમાં રાજયની તમામ શાળાઓમાં પ્રથમ સત્રમાં અભ્યાસના ૧૭૭ દિવસ રહેશે. આ ઉપરાંત બીજા સત્રમાં પણ ૧૩૬ દિવસ શિક્ષણ કાર્ય ચાલશે. નવા શૈક્ષણિક કેલેન્ડર મુજબ સ્થાનિક રજાઓ બાદ કરતા વર્ષ દરમિયાન ૨૪૫ દિવસનુ શૈક્ષણિક કાર્ય થશે. જેમાં પ્રથમ સત્ર ૩૦ ઓકટોબર સુધી ચાલશે. આ ઉપરાંત બીજા સત્રનો પ્રારંભ નવેમ્બરના અંતિમ સપ્તાહ દરમિયાન થશે. નવા શૈક્ષણિક કેલેન્ડર મુજબ વર્ષની ૮૦ રજાઓ

**જો કે કોરોના કાળમાં આ શૈક્ષણિક કેલેન્ડરમાં બદલાવ પણ આવી શકે તેમ છે. જયારે હાલ સંભવિત તારીખો જાહેર કરાઇ છે**

નિયત કરવામાં આવી છે. આ રજાઓમાં જાહેર રજા, ઉનાળુ , દિવાળી વેકેશન સહીત અન્ય રજાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયા બાદ હાલ શાળાઓમાં પ્રથમ શૈક્ષણિક સત્ર ચાલી રહ્યુ છે. પ્રથમ સત્રના અભ્યાસના ૧૧૭ દિવસ પૈકી જુનમાં ૨૦ જુલાઈમાં ૨૬ ઓગષ્ટમાં ૨૩ સપ્ટેમ્બરમાં ૨૫ ઓકટોબરમાં ૨૩ શૈક્ષણિક દિવસોનો સમાવેશ થાય છે. બીજા સત્રની નવેમ્બર અંતમાં શરૂઆત થશે જેમાં શૈક્ષણિક કામગીરીના ૧૩૬ દિવસ રહેશે. જેમાં નવેમ્બરમાં ૮ , ડિસેમ્બરમાં ૬ , જાન્યુઆરીમાં ૨૪, ફેબ્રુઆરીમાં ૨૪ અને માર્ચના ૨૫ તેમજ એપ્રિલના ૨૩ તેમજ મે ના ૬ દિવસોનો સમાવેશ કરાયો છે. કુલ વર્ષ દરમિયાન શાળાઓમાં ૨૩૩ દિવસનુ શૈક્ષણિક કાર્ય હાથ ધરાશે. જયારે આ પૈકી ૮ દિવસની સ્થાનિક રજાઓ સિવાય ૨૪૫ દિવસ રહેશે. વર્ષ દરમિયાન ૮૦ દિવસ રજાઓ રહેશે. તા ૭ મે ના રોજ બીજા સત્રના અંતે ૯ મેથી ઉનાળુ વેકેશનની શરૂઆત થશે. જયારે ૩૫ દિવસનુ ઉનાળુ વેકેશન ૧૩ જુન સુધી રહેશે. જો કે કોરોના કાળમાં આ શૈક્ષણિક કેલેન્ડરમાં બદલાવ પણ આવી શકે તેમ છે. જયારે હાલ સંભવિત તારીખો જાહેર કરાઈ છે. શાળાઓમાં અન્ય રજા સિવાય ૨૧ દિવસનુ દિવાળી વેકેશન રહેશે. વર્ષ દરમિયાન ૮૦ રજાઓ પૈકી ૧૬ જાહેર રજાનો પણ સમાવેશ થયો છે. શૈક્ષણિક કેલેન્ડર મુજબ શાળાઓમાં આ મુજબ રજાઓ જાહેર કરાઈ છે.

# જામનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા અફઘાનિસ્તાન ખાતેના ભારતીય રાજદૂત રૂદ્રેન્દ્ર ટંડન

ગાંધીનગર, તા. ૧૭

આજે સવારે જામનગર એરફોર્સ ખાતે અફઘાનીસ્તાનના કાબુલથી ત્યાં ફસાયેલા આશરે ૧૮૦ જેટલા ભારતીયોને એરલીફટ કરી જામનગર લાવવામાં આવ્યા હતા. જેમનુ નાગરિકોને પરત લાવવાનું મિશન આજે શાંતિપૂર્વક પૂર્ણ થયું છે જે ખુબ આનંદની વાત છે. કોઈ જ દુર્ઘટના વિના સૌ નાગરિકોને સુરક્ષિત રીતે ભારત પહોંચાડવામાં આવ્યા છે.

વિવિધ મિનિટ ટુ મિનિટ તમામ ગતિવિધિઓનું મોનીટરીંગ કરી આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. એમ્બેસેડર રૂદ્રેન્દ્ર ટંડને આ તકે ઉષ્માભર્યા સ્વાગત બદલ

**ભારત સરકારના શ્રેષ્ઠ આયોજન અને મિનીટ ટુ મિનીટ મોનીટરીંગ થકી ભારતીયોને પરત લાવવાનુ શકય બન્યું**



રાજય સરકાર તથા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતુ. આ તકે આયોજીત કરવામાં આવેલ પત્રકાર પરીષદને સંબોધતા અફઘાનીસ્તાન ખાતેના ભારતીય રાજદૂત રૂદ્રેન્દ્ર ટંડને જણાવ્યું હતું કે વતનમાં પરત ફરવાની ખુશી અકલ્પનિય હોય છે. બે અઠવાડિયાના લાંબા સંઘર્ષ અને અનેક આયોજનો બાદ ભારતીય સેવાઓમાં જોડાયેલા ૧૯૨ જેટલા નાગરિકોને અફઘાનિસ્તાનના કાબુલથી અહીં લાવવામાં આવ્યા છે. અફઘાનીસ્તાન દૂતાવાસના તમામ વિભાગોના સહિયારા સહયોગથી આ શક્ય બન્યું છે. ભારત સરકાર દ્વારા ઉચ્ચસ્તરે આ અંગે બેઠકો યોજાઈ હતી અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ ઈન્ડિયન એરફોર્સને આવી વિકટ પરિસ્થિતિમાંથી નાગરિકોને બહાર લાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## એરલિફ્ટ કરાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કુસુમબેન પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ વિમલભાઈ કગથરા, મહામંત્રીઓ પ્રકાશભાઈ બાંભણિયા, મેરામણભાઈ ભાટુ, વિજયસિંહ જેઠવા, કલેકટર સૌરભ પારઘીએ કર્મચારીઓનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. આ તકે, પ્રાંત અધિકારી જામનગર શહેર આસ્થા ડાંગર, ડેપ્યુટી ડી.ડી.ઓ લ પાર્થ કોટડીયા, મામલતદાર અક્ષર વ્યાસ વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તેજીનો પવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કોમર્શિયલ ભેગા) પ્રોજેક્ટ લોન્ચ થયા હતા. કોમર્શિયલમાં ૧૯૬૨ કરોડનું રોકાણ આવ્યું હતું. ગુજરાત રેરાની વેબસાઈટ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં એપ્રિલથી અત્યારસુધીમાં ૧૩,૫૦૮ કરોડના પ્રોજેક્ટ્સ લોન્ચ થયા છે જેમાંથી ૬૨૮૫ કરોડના પ્રોજેક્ટ્સ અમદાવાદમાં શરૂ થયા છે. આ સિવાય વડોદરામાં ૨૫૦૦ કરોડ, સુરતમાં ૧૭૧૧ કરોડ અને ગાંધીનગરમાં ૧૧૩૫ કરોડના પ્રોજેક્ટ શરૂ થયા છે.

## સોથ વાળી દેવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કટોતી કરવામાં આવશે જયારે આજે ચરેડી પાસે પશુજૈવિક દવાખાના નજીકના માર્ગ પર લાઈનની કામગીરીને અનુલક્ષી અંદાજિત ૫૦ જેટલા વૃક્ષોની કટોતી કરી દેવાતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે લાઈન નાંખવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય માટે નવી લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે સ્માર્ટ સીટી અન્વયે આ કાર્યયોજનાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે પાણીની લાઈનની જેમ સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન પણ બદલવામાં આવશે. પાણી ગટરની જુની લાઈન સેકટરોની વસતી અને વિકાસ મુજબ યોગ્ય ન હોવાથી સેકટરોમાં છાશવારે પાણી ગટરના પ્રશ્નો ઉભા થાય છે. જો કે હજુ આ કામ પુર્ણ થતા સમય લાગશે. ચરેડી પાસે પશુજૈવિક દવાખાના માર્ગ પર લાઈનને અનુલક્ષી ખોદકામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે આ લાઈન નાંખવા માટે આ વિસ્તારમાંથી અંદાજિત ૫૦ જેટલા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી છે. શહેરમાં વિકાસના અનેકવિધ કામોની સાથે હરિયાળીનો પણ સોથ વળી રહ્યો છે. માર્ગ વાઈડનીંગ તેમજ નવા બિલ્ડીંગો બાંધવા માટે અત્યાર સુધી સેંકડો વૃક્ષો કાપવામાં આવ્યા છે. જયારે શહેર આસપાસના માર્ગોને છ માર્ગીય કરવા માટે પણ વૃક્ષોની કટોતી થઈ છે. બીજીતરફ હવે શહેરમાં પાણી ગટરની લાઈન નાંખવા માટે પણ હરિયાળી માથે ખતરો મંડરાયો છે.

શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે લાઈન નાંખવાની પ્રાથમિક કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે આ કામગીરીને અનુલક્ષી શહેરમા અંદાજિત ૨૯૦૦ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવનાર છે. આ ઉપરાંત શહેરમાં ૩૭ હજાર જેટલા રોપાઓનો પણ ખાતમો થશે જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ આક્રોશ મંડરાયો છે. આજે ચરેડી પાસે પશુજૈવિક દવાખાનાવાળા માર્ગ પર લાઈનની કામગીરીને અનુલક્ષીને અંદાજિત ૫૦ જેટલા હરિયાળા વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી હતી આ દ્રશ્ય જોઈને પર્યાવરણ પ્રેમીઓમાં પણ પ્રબળ નારાજગી વ્યાપી હતી.

## નવા આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા મકાનો બાંધવા માટે પણ ટુંકમાં નિર્ણય લેવાશે. માર્ગ મકાન

વિભાગ કક્ષાએથી જુના મકાનો તોડીને એ જગ્યા પર જ નવા આવાસો બાંધવાનો નિર્ણય લેવાયો છે. જેથી આગામી દિવસોમાં પણ નવા મકાનો બાંધવા માટે હજુ જુના સેકટરોની પસંદગી કરવામાં આવે તેમ પણ મનાઈ રહ્યુ છે. જેમાં સે-૨૮ સે-૩૦ અને સે-૧૬ માં પણ દાયકાઓ જુના જર્જરિત આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થતા હવે આ મામલે પણ યોગ્ય અભ્યાસ કરીને કર્મચારીઓ માટે નવી ટાવર કોલોનીના નિર્માણ માટે સ્થળ પસંદગી કરાશે. જો કે હજુ નવા આવાસોની સાઈટ નિયત થતા સમય લાગે તેમ છે. ત્યારે આ દરમિયાન સે-૬ માં તૈયાર થયેલા બી કક્ષાના આવાસોનુ લોકાર્પણ પણ ટુંકમાં કરી દેવાશે.

## ઉત્સાહ વધાર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રેરણા આપતા હતા. આ પ્રસંગે વડાપ્રધાને પારૂલના પિતાને યાદ કરી તેમને શાનદાર ખેલાડી ગણાવ્યાં હતાં.

ગાંધીનગરથી દિલ્હી આવ્યા પછી તમારી સાથે મળવાનું ઓછું થઈ ગયું છે તેવું જણાવતા વડાપ્રધાને પારૂલને પૂછ્યું હતું કે તેમની જોડીદાર પલક કોહલી જે પારૂલ કરતાં વયમાં ખૂબ નાની છે તો આ જોડી કેવી રીતે હિટ બનશે જેના જવાબમાં પારૂલ પરમારે જણાવ્યુ હતુ કે પલક યુવા છે, ઝડપી છે તે સાથે ખુબ મહેનતુ છે અને તેનામાં જીતવાનો જોશ છે તે સાથે મારી પાસે અનુભવ છે. અમે બંન્ને એડવાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રતિસ્પર્ધીની રમત નિહાળી અમારી વ્યૂહરચના બનાવીએ છીએ, અમારા બન્ને વચ્ચે ખૂબ સારું ટ્યુનિંગ છે તેથી અમારી જોડી જરૂર હિટ થશે તેવો મને વિશ્વાસ છે. આ સાથે વડાપ્રધાને પારૂલ પરમારનો ઉત્સાહ વધારી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ